GJBN160004322012

Presented on : 27-12-2012
Registered on : 27-12-2012
Decided on : 22-07-2026
Duration: 13 years, 6 months, 26 days

**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,**
**Presided Over by N.A.Brahmbhatt**

**રીકવરી ૩૩ સી(૨) અરજી નં. ૪૨૧/૨૦૧૨**

આંક – ૯

**અરજદાર :** **ગુજ.પુનાભાઈ રત્નાભાઈના વારસદારો**
**(૧) કડવીબેન પુનાભાઈ**
**(૨) કાળુભાઈ પુનાભાઈ,**
રહે. મુ.કાનપર, તા.વલ્લભીપુર, જી.ભાવનગર.
C/o, પ્રદિપ કે. ઠક્કર,
શ્રમિક સંઘ, ૧૧૮–૧૧૯, કાવેરી કોર્પોરેશન,
નવાપરા, ભાવનગર–૩૬૪૦૦૧.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** (૧) **જીલ્લા પંચાયત તે તેમજ તેમના વતી**
**જિલ્લા વિકાસ અધિકારી,**
જિલ્લા પંચાયત, ભાવનગર.

(૨) **મેલેરીયા અધિકારી,**
જિલ્લા પંચાયત, ભાવનગર.

**બાબત : ઔદ્યોગિક વિવાદ ધારાની ૧૯૪૭ ની કલમ ૩૩ સી(૨) હેઠળની અરજી**

**હાજર રહ્યાઃ**

અરજદાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી પી.કે.ઠક્કર.

સામાવાળા નં.૧ અને ૨ તરફે: વિ.વકીલશ્રી એન.કે.જોષી.

**— :: હુ ક મ :: —**

**(૧)** હાલની રીકવરી અરજીમાં ગુજ.પુનાભાઈ રત્નાભાઈના આશ્રીતો/અરજદારોએ એવી હકીકત જણાવેલ છે કે, આ કામના અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી લેણી રકમ રૂા.૧,૮૭,૮૬૦/— મેળવવા હક્કદાર છે જે અંગેની ગણતરી પરિશિષ્ટ—એ માં દર્શાવેલ છે. પરિશિષ્ટ —એ ની ગણતરી આ પ્રમાણે છેઃ— રેફરન્સ એલ.સી.બી. નં.૪૨૫/૮૯ થી ૪૩૦/૮૯ અને રેફરન્સ એલ.સી.બી. નં.૪૭૬/૮૯ થી ૪૭૯/૮૯ (કુલ ૮ કેસો) કોન્સોલીડેટ ઓર્ડર મુજબ ગુજ.પુનાભાઈ રત્નાભાઈની એવોર્ડ મુજબ બાકી રકમનું પરિશિષ્ટ આ મુજબ છે.

| | |
|---|---|
| ૩૦૦૦/— | એવોર્ડ મુજબ |
| ૯૦,૦૦૦/— | હક્ક રજાની રકમ ૨૩ વર્ષની માસિક રૂા.૩૦૦૦/— લેખે |
| ૯૪,૮૬૦/— | વ્યાજ તા.૬—૭—૦૪ થી તા.૬—૧—૨૦૧૩ સુધીના ૧૦૨ માસના રૂા.૯૩,૦૦૦/— ઉપર ૧૨ ટકા ના લેખે ગણતા માસિક રૂા.૯૩૦ x ૧૦૨= |
| ...................... | ૯૪,૮૬૦/— |
| **૧,૮૭,૮૬૦/—** | કુલ બાકી રકમ |

ઉપરોક્ત રકમ વસુલ આવતા સુધી ધારાસર વ્યાજ સહિતની રકમ કલમ ૩૩ (સી) (૨) અન્વયે વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

**(૨)** સદર કામે સામાવાળાને હાલની અરજીની આંક–૪ નોટીસ કાઢતા નોટીસ બજી આવેતાં સામાવાળાએ હાલની અરજદારની રીકવરી ૩૩ (સી)(૨) અરજીનો આંક–૬ જવાબ રજૂ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો સામાવાળા એક સરકારશ્રીનું નિગમ છીએ. અમો કોઈ ઔદ્યોગિક એકમ નથી. નામદાર સુપ્રિમ કોર્ટે સીવીલ અપીલ નં.૧૬૮૪/૯૮ નાં કામે ઠરાવ્યા મુજબ "સરકારશ્રીનાં ખાતા (ડિપાર્ટમેન્ટ ઓફ ગર્વમેન્ટ)એ ઈન્ડસ્ટ્રીઝ (ઉદ્યોગ) નહીં" તે મુજબ સદર કેસ પ્રાથમીક રીતે જ અમારી સામે ચાલવા પાત્ર નથી. વધુમાં જવાબમાં સામાવાળાએ એવું જણાવેલ છે. અરજદારની અરજી સમય મર્યાદા બહારની, ખરી અને કાયદેસરની નથી, તેમજ અરજદારે માંગણી કરેલ રકમ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ આધારીત લેણી નીકળતી હોવાનું કે અરજદારે પરિશિષ્ટએ થી માંગણી કરેલ રકમ મેળવા હક્કદાર થતાં હોવાનું અમો સ્વિકારતાં નથી, અમારી સ્પષ્ટ ઈન્કારી છે. એ ખરું છે કે આપનામદાર લેબર કોર્ટ દ્વારા તા.૬–૭–૦૪ નાં રોજથી એવોર્ડ પસાર કરેલ અને તે અન્વયેનું અરજદારને ઉચ્ચક (લમસમ) વળતર પેટે રકમ રૂા.૩,૦૦૦/– ચુકવવાનો હુકમ કરેલ છે, પરંતુ આ હુકમથી આ કામનાં અરજદારને ત્રેવીસ વર્ષની હક્ક રજાની રકમ માસિક રૂા.૩,૦૦૦/– લેખે રૂા.૯૦,૦૦૦/– મેળવવાનો હક્કદાર થતાં નથી, કે નામદાર કોર્ટે આવો કોઈ હુકમ કરેલ નથી, કે અરજદાર આ રકમ (રૂા.૯૩,૦૦૦/–) ઉપર તા.૬–૭–૦૪ નાં રોજથી તા.૬–૧–૨૦૧૩ નાં સમય સુધીનાં ૧૦૨ માસનું ૧૨ ટકા વ્યાજની રકમ રૂા.૯૪,૮૬૦/– મેળવવા હક્કદાર થતાં હોવાનું ખરું નથી, અરજદારની અરજી આધાર પુરાવા વગરની અને

આફ્ટરથોટ હોય રદ્દ થવા પાત્ર છે. હકીકતે, અરજદાર અમારે ત્યાં સરકારશ્રીનાં રાષ્ટ્રીય મેલેરીયા નાબુદી કાર્યક્રમ અંતર્ગત જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરતા હંગામી કામદાર હતા અને ચોમાસાની સીઝનમાં મચ્છરોનો ઉપદ્રવ વધતો હોય તે સમય પુરતા દવા (ડીડીટી) છંટકાવની કામગીરી માટે રોકવામાં આવતા અને સરકારશ્રી દ્વારા નિયત થયેલ મહેનતાણું ચુકવવામાં આવતું હતું. અરજદારની કોઈ સતત-સળંગ કામગીરી/નોકરી ન હતી તેમજ સરકારશ્રીએ નિયત કરેલ મહેનતાણાંથી કામ કરવા માંગતા ન હોય કામે આવવાનું બંધ કરેલ હતું અને આ બાબતે તેમનાં દ્વારા નામદાર લેબર કોર્ટ સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવતા નામદાર કોર્ટે રેફરન્સ એલ.સી.બી. કેસ નં.૪૨૫/૮૯ થી ૪૩૦/૮૯ અને ૪૭૬/૮૯ (એકત્રીત કુલ ૮) અન્ય અરજદાર-કામદારનાં સંયુક્ત કેસમાં અરજદાર સતત-સળંગ કામદાર ન હતાં, દવા છંટકાવની સીઝનલ કામગીરી કરતા હતા તેમ તથા કાયદાનાં મુદ્દે ઔ.વિ.ધારાની કલમ ૨૫ (જી) (એચ) નો ભંગ થયેલ હોવાનું ઠરાવતા તા.૬-૮-૦૪ નાં રોજ એવોર્ડ પ્રસિધ્ધ કરેલ છે, જે અંતર્ગત હુકમ કરેલ છે કે,

<u>હુકમ</u>

"(૧) રેફરન્સ (એલ.સી.બી.) નં.૪૨૫/૮૯ થી નં.૪૩૦/૮૯ તથા નં.૪૭૬/૮૯ અને ડનં.૪૭૯/૮૯ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માંઃ-
(૧) રેફરન્સ (એલસીબી) નં.૪૨૫/૮૯ નાં અરજદાર શ્રી પરબતભાઈ રુપસંગભાઈ ચૌહાણ, (૨) રેફરન્સ (એલસીબી) નં.૪૨૬/૮૯ નાં અરજદાર શ્રી એસાનભાઈ ભીખુભાઈ, (૩) રેફરન્સ (એલસીબી) નં.૪૨૭/૮૯ નાં અરજદાર શ્રી કાળુભાઈ જાદવભાઈ રાઠોડ, (૪) રેફરન્સ (એલસીબી)

નં.૪૨૮/૮૯ નાં અરજદાર શ્રી ધરમશીભાઈ શીવાભાઈ, (૫) રેફરન્સ (એલસીબી) નં.૪૨૯/૮૯ નાં અરજદાર શ્રી મનજીભાઈ હરજીભાઈ, (૬) રેફરન્સ (એલસીબી) નં.૪૭૬/૮૯ નાં અરજદાર શ્રી ગીધાભાઈ ભીખાભાઈ તથા (૭) રેફરન્સ (એલસીબી) નં.૪૭૯/૮૯ નાં અરજદાર શ્રી ઈબ્રાહીમભાઈ હાજીભાઈને સળંગ નોકરી સિવાય નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા પડેલા દિવસોનાં પગાર તથા સળંગ નોકરીનાં બદલામાં પ્રત્યેક અરજદારને ઉચ્ચક વળતર પેટે રૂા.૩૦૦૦/-, અંકે રૂપીયા ત્રણ હજાર પુરા ચુકવી આપવા.

(૩) અરજદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનાં સંજોગોમાં રેફરન્સ અગાઉની અરજદારોની સંસ્થામાં દાખલ તારીખ કામ આપવાનાં સંદર્ભમાં અગ્રતાક્રમનાં હેતુસર ધ્યાને લેવી.

(૪) પ્રથમ પક્ષકાર સંસ્થાએ રેફરન્સ (એલસીબી) નં.૪૩૦/૮૯ ના અરજદારશ્રી પુનાભાઈ રત્નાભાઈને ઉચ્ચક વળતર પેટે રૂા.૩,૦૦૦/-, અંકે રૂપીયા ત્રણ હજાર પુરા ચુકવી આપવા.

(૫) ખર્ચ અંગે કોઈ હુકમ નથી."

અને નામદાર કોર્ટનાં આ એવોર્ડ અન્વયે ઉચ્ચક વળતર પેટે રૂા.૩,૦૦૦/- ની રકમ મેળવવાને હક્કદાર થયેલ હતાં જેની અરજદાર કે તેમનાં વારસો દ્વારા આ કેસ દાખલ કરતાં સુધી કદાપી માંગણી કરેલ નથી, જ્યારે સામાપક્ષે અમોનાં તરફથી પણ આ એવોર્ડ સામે અમોએ મેં અમોનાં દ્વારા કરવામાં આવેલ નામદાર હાઈકોર્ટ સમક્ષની રીટ (સ્પે.સી.એ. નં.૧૭૦૫૪, ૧૭૦૭૯,૧૭૦૮૬, ૧૭૦૯૨, ૧૭૦૯૪,૧૭૦૯૮ ઓફ ૨૦૦૪) નાં કામે તા.૨૧-૧-૨૦૧૩ થી અમો સંસ્થાની અરજી ઔ.વિ. ધારાની કલમ ૨૫ (જી) (એચ) નો ભંગ થયેલ હોય રદ્દ કરેલ અને જે સામે અમોનાં દ્વારા અપીલ (એલ.પી.એ. નં.૨૩૦ થી ૨૩૬ ઓફ ૨૦૧૩) કરવામાં આવેલ હાલમાં તા.૧૮-૬-૧૩ નાં રોજ બંધારણીય જોગવાઈને

આધીની રદ્દ કરેલ છે, તેમજ આ અપીલનાં હુકમ સામે અમોનાં દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ આગળ કાર્યવાહી હાથ ન ધરતા એવોર્ડનું પાલન કરવાનું ઠરાવવામાં આવેલ છે. એટલે કે, નામદાર લેબર કોર્ટનાં એવોર્ડ મુજબ અરજદાર ઉચ્ચક વળતર પેટે રૂા.૩૦૦૦/- મેળવવાને હક્કદાર થયેલ છે, જે તેમનાં ઘરનાં સરનામે તા.૨૧-૯-૧૩ નાં રોજથી મોકલી આપેલ છે. નામદાર લેબર કોર્ટનાં એવોર્ડ નાં પારા ૬ થી ૧૦ માં સંસ્થાની કામગીરી સીઝનલ હોવાનું અને અરજદાર કાયમી ન હોવાનું ઠરાવેલ છે તેમજ પારા ૧૧ થી નિવૃત્તિ વય પણ લાગુ પડતી હોવાનું ઠરાવેલ છે, તે સંજોગોમાં જો અરજદારની નિવૃત્તિ વય પણ લાગુ પડતી હોવાનું ઠરાવેલ છે, તે સંજોગોમાં જો અરજદારની નિવૃત્તિ વય પ્રાપ્ત કરેલ હોય તેમને ઉચ્ચક (લમસમ) વળતર ચુકવવાનો હુકમ પસાર કરેલ હતો. જેથી વિશેષ કોઈ રકમ અરજદાર મેળવવાને હક્કદાર થતાં નથી. આમ, ઉપરોક્ત વિગતે અને હકિકતે અરજદારની અરજી ગેરવ્યાજબી અને ગેરકાયદેસરની હોય અરજદારે તેમની અરજીમાં પરિશિષ્ટ-અ ની વિગતે માંગણી કરેલ રકમ રૂા.૧,૮૭,૮૬૦/- મેળવવાને તેમનો કોઈ હક્ક પ્રસ્થાપિત થતો ન હોવાનું ઠરાવી અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>સામાવાળાઓ તરફે મૌખિક પુરાવાઓઃ-</u>**

| ક્રમ | વિગત | આંક/નિશાની |
|---|---|---|
| ૧ | સામાવાળા તરફે ક્લોઝીંગ પુરસીસ | ૮ |

સદર કામે રેકર્ડ વંચાણે લેતાં અરજદાર તરફે અરજદાર તથા તેમના પ્રતિનિધિશ્રી દ્વારા કોઈ હાજર રહી કેસનાં સમર્થનમાં કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે તેમના કેસનાં સમર્થનમાં કોઈ મૌખિક કે લેખિત દલીલ રજૂ કરેલ નથી.

સામાવાળાઓ તરફે વિધ્વાન વિ.વકીલશ્રી એન.કે.જોષી દ્વારા તેઓના જવાબના સમર્થનમાં મૌખિક દલીલો કરી અરજદારની સદર રીકવરી અરજી ચાલી શકે તેમ નથી તેમ જણાવી સદર અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે. સદર કામ પ્રોસીડીંગ્ઝ મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ ઈન્સાફી કાર્યવાહીના આખરી ન્યાયીક નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે અને તે મુદ્દાના તારણ સંબંધીત મુદ્દા નીચે દર્શાવ્યા મુજબ છે.

**-- <u>મુદ્દાઓ</u> --**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે અરજીમાં દર્શાવેલ રકમ રૂા.૧,૮૯,૮૬૦/-(એક લાખ નેવ્યાસી હજાર આઠ સો સાઈઠ) સામાવાળા પાસેથી વ્યાજ સહીત વસુલ મેળવવા હક્કદાર છે?

જવાબઃ નકારમાં,

(૨) શું હુકમ?

જવાબઃ આખરી હુકમ મુજબ

(૫) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**-- કારણો --**

**૫.૧ મુદ્દા નં. ૧**

આ કામે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ- ૩૩(સી)(૨) ની જોગવાઇ જોતા વંચાણે લેતા તેમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

**33C. Recovery of money due from an employer.-**

(1) Where any money is due to a workman from an employer under a settlement or an award or under the provisions of Chapter VA or Chapter VB], the workman himself or any other person authorised by him in writing in this behalf, or, in the case of the death of the workman, his assignee or heirs may, without prejudice to any other mode of recovery, make an application to the appropriate Government for the recovery of the money due to him, and if the appropriate Government is satisfied that any money is so due, it shall issue a certificate for that amount to the Collector who shall proceed to recover the same in the same manner as an arrear of land revenue:

Provided that every such application shall be made within one year from the date on which the money became due to the workman from the employer:

**Provided further that any such application may be entertained after the expiry of the said period of one year, if the appropriate Government is satisfied that the applicant had sufficient cause for not making the application within the said period.**

સાંભળ્યા, અરજદાર તરફેની ઉપરોક્ત દલીલ લક્ષ્ય પર લીધી. સદર કામનું રેકર્ડ જોતા જણાઈ આવે છે કે, અરજદાર પક્ષે તેમની અરજીના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આ તબક્કે રીકવરી અરજીનું સમગ્ર રેકર્ડ વંચાણે લેવામાં આવે તો સામાવાળાએ મુળ રીકવરી અરજી આંક–૬ નો જવાબ રજૂ કરેલ છે.

પંરતુ અરજદાર તરફે હાજર રહી તેમની અરજીના સમર્થનમમાં કોઈ પુરાવારૂપી સોગંદનામું કે દસ્તાવેજી આધાર રજૂ કરેલ નથી. ત્યારબાદ આ કામે સામાવાળા તરફે રજૂ થયેલ આંક–૭ ની અરજી પર કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારનો પુરાવાનો હક્ક બંધ થયેલ છે. સામાવાળા તરફે આંક–૮ થી પુરસીસ રજૂ કરી વિશેષમાં પુરાવા રજૂ કરવા માંગતા ન હોય પુરાવો પુરો થવાની પુરસીસ રજૂ કરેલ છે.

(૬) આ કામે અરજદારે તેઓની રીકવરી અરજી લગત કોઈ સોગંદનામું કે પુરાવો રજૂ કરેલ નથી. આ કામે અરજદારે તેમની રીકવરી અરજીમાં હક્ક રજા તથા વ્યાજની રકમ કલમ ૩૩ સી–૨ હેઠળ માંગલે છે તે દર્શાવતો કોઈ આધાર કે પ્રીએજીસ્ટીંગ રાઈટ પુરવાર કરી શકેલ નથી. આ કામે સામાવાળા દ્બારા અરજદારને રૂા.૩૦૦૦/– વળતરમાં તેમના સરનામે મોકલી આપેલ છે તે નકારતો કોઈ આધાર કે સોગંદનામું અરજદાર પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. અરજદાર દલીલના સમયે પણ હાજર રહેલા નથી. આમ, કલમ ૩૩ સી–૨ ના તત્વો જોતાં અરજદાર કોઈ પુનઃસ્થાપિત રાઈટ હોવા બાબતે કોઈ સોગંદનામું કે કોઈ આધાર રજૂ કરેલ ન હોય કે ઘણાં સમયથી તેઓ હાજર રહેતા ન હોય રોજકામ અન્વયે સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આમ, અરજદારની ગેરહાજરી તથા હાલના કેસના રેકર્ડ ઉપરના દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં અરજદાર મુદ્દા નં.૧ મુજબ લેણી રકમ પુરવાર કરી શકેલ ન હોય જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૭) ઉપરોક્ત સમગ્ર ચર્ચા લક્ષ્ય પર લઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ સબબ નીચે મુજબ આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

ન્યાયાધીશ(એસ.ડી.),
શ્રમ અદાલત નં. ૨ , ભાવનગર.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** અરજદાર ગુજ.પુનાભાઈ રત્નાભાઈના વારસદારો (૧) કડવીબેન પુનાભાઈ અને (૨) કાળુભાઈ પુનાભાઈની હાલની રીકવરી અરજી નામંજૂર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૩)** અત્રેની કચેરીએ હુકમની જાણ તમામ પક્ષકારોને નિયમ મુજબ કરવી.

સદર હુકમ આજરોજ તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તારીખ :૨૨/૦૭/૨૦૨૬

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)
પ્રિસાઈડીંગ ઓફિસર
અને ન્યાયાધીશ(એસ.ડી.)
શ્રમ અદાલત નં.-૨,ભાવનગર
જીજે - ૦૧૧૭૦

એન.ડી.ચૌહાણ (પી.એ.)